# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2024** **Evening : 7.50 to 8.00**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ✓ ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશ અને મોહન ચરણ માંઝીએ ઓડિશાના મુખ્યમંત્રી પદના શપથ લીધા - અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે પેમા ખાંડુની પસંદગી
- ✓ 18મી લોકસભાનું પ્રથમ સત્ર 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે - રાજ્યસભાનું સત્ર 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.
- ✓ કુવૈતમાં એક ઇમારતમાં આગ લાગતાં 10 ભારતીયો સહિત 40થી વધુનાં મોત - 50 ઘાયલ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો - વિદેશ રાજ્યમંત્રી કિર્તી વર્ધન સિંહ કુવૈત જશે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી સેવન શિખર સંમેલનમાં ભાગ લેવા આવતીકાલે ઇટાલી જવા રવાના થશે.
- ✓ ટી-20 વિશ્વકપમાં ભારતે અમેરિકા સામે ટોસ જીતીને બોલીંગ પસંદ કરી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## Revise - Andhra -Odisha and Arunachal CM

આજે તેલુગુ દેશમ પાર્ટીના વડા એન ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશના અને મોહન ચરણ માઝીએ ઓડિશાના મુખ્યમંત્રી પદે શપથ લીધા છે. આંધ્રપ્રદેશના રાજ્યપાલ એસ અબ્દુલ નઝીરે નાયડુને કૃષ્ણા જિલ્લાના કેસરાપલ્લી આઈટી પાર્કમાં શપથ લેવડાવ્યા હતા. તેમની સાથે જનસેના પાર્ટીના ત્રણ અને ભારતીય જનતા પાર્ટીના એક સહિત 24 મંત્રીઓએ શપથ લીધા હતા. જનસેના પાર્ટીના વડા કે પવન કલ્યાણ, TDPના મહાસચિવ નારા લોકેશે પણ મંત્રીપદના શપથ લીધા હતા. શપથ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.

દરમિયાન, આજે સાંજે મોહન ચરણ માઝીએ ઓડિશાના મુખ્યમંત્રી પદના અને કનક વર્ધન સિંહ દેવ તથા પ્રવતી પરિદાએ નાયબ મુખ્યમંત્રી તરીકેનાં શપથ લીધા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ફરી એક વાર પેમા ખાંડુ પર કળશ ઢોળ્યો છે. આજે ઇટાનગરમાં શ્રી ખાંડુને ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે. તેઓ આવતી કાલે સવારે શપથ લે તેવી સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . .

## PARLIAMENT SESSION

18મી લોકસભાનું પ્રથમ સત્ર આગામી 24 જૂનથી 3 જુલાઈ સુધી યોજાશે. આ સત્ર દરમિયાન નવા ચૂંટાયેલા સાંસદોની શપથવિધિ, અધ્યક્ષની ચૂંટણી, રાષ્ટ્રપતિનું સંબોધન અને ચર્ચા થશે. રાજ્યસભાનું 264મું સત્ર 27 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

કેન્દ્રિય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોની મહાત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા અને ચર્ચા કરવા સંસદ એક આદર્શ મંચ છે.

. . . . . . . . . . . . . . . . . .

## REV. PM KUWAIT FIRE

કુવૈતના દક્ષિણ મંગફ શહેરની એક ઇમારતમાં આજે વહેલી સવારે ફાટી નીકળેલી આગમાં ઓછામાં ઓછા 40 લોકોનાં મૃત્યુ થયા છે અને 50થી વધુને ઇજા થઈ છે. મૃતકોમાં કેરળના પાંચ સહિત 10 ભારતીયોનો સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રસોડામાં આગ લાગી હતી અને ઝડપથી સમગ્ર ઇમારતમાં ફેલાઈ ગઈ હતી. ઇમારતમાં 195 શ્રમિકો રહેતા હતા, જેમાંથી અનેક શ્રમિકો કેરળ અને તામિલનાડુના છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે વિદેશ રાજ્યમંત્રી કિર્તી વર્ધન સિંહને કુવૈત જવા નિર્દેશ કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે. શ્રી મોદીએ જણાવ્યું છે કે, દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓનાં પરિવારજનો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું. તેમણે ઇજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે પ્રાર્થના કરી હતી. તેમણે ઉમેર્યું કે, કુવૈતમાં ભારતીય દૂતાવાસ સ્થિતિ પર ઝીણવટભર્યું નિરીક્ષણ રાખી રહ્યું છે અને અસરગ્રસ્તોને મદદ કરવા સત્તાવાળાઓ સાથે કામ કરી રહ્યું છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પણ આ ઘટના પ્રત્યે ખેદ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . .

## PM ITALY VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 14 જૂનનાં રોજ યોજાનારા જી સેવન શિખર સંમેલનમાં ભાગ લેવા માટે આવતીકાલે ઇટાલી જવા રવાના થશે. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં વિદેશ સચિવ વિનય કવાત્રાએ જણાવ્યું હતું કે, ભારતને આઉટરીચ કન્ટ્રી તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. સતત ત્રીજી વાર પ્રધાનમંત્રી પદનાં શપથ ગ્રહણ કર્યા બાદ શ્રી મોદીની આ પ્રથમ વિદેશ મુલાકાત છે. શ્રી કવાત્રાએ જણાવ્યું કે, આ મુલાકાત જી સેવન શિખર સંમેલન ભારત ઉપરાંત ગ્લોબલ સાઉથને લગતા મહત્વના મુદ્દો પર ચર્ચા કરવાની પણ તક છે. જી સેવનમાં ભારત 11મી વાર અને પ્રધાનમંત્રી મોદી પાંચમી વાર ભાગ લઈ રહ્યા છે.

શ્રી મોદી જી સેવન રાષ્ટ્રોના વડાઓ સાથે અલગથી દ્વિપક્ષીય મંત્રણા કરે તેવી પણ સંભાવના છે. તેઓ ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે.

એક પ્રશ્નનાં જવાબમાં વિદેશ સચિવે જણાવ્યું કે, ભારત સ્વિત્ઝર્લેન્ડમાં યોજાનાર યુક્રેન શાંતિ સંમેલનમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## J&K-TERRORIST KILLED

જમ્મુ કાશ્મીરમાં કથુઆ જિલ્લાનાં હિરાનગર સેક્ટરમાં એક ગામમાં હાલમાં ચાલી રહેલા અભિયાનમાં વધુ એક ત્રાસવાદીનું મૃત્યુ થયું છે. આ સાથે ત્રણ ત્રાસવાદીઓનાં મૃત્યુ થયા છે. આકાશવાણી જમ્મુના પ્રતિનિધિ જણાવે છે કે ગઈ રાત્રે ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યા બાદ શરૂ થયેલા અભિયાનમાં સલામતી દળોએ વધુ એક ત્રાસવાદીને ઠાર માર્યો છે. આ અથડામણમાં ઇજાગ્રસ્ત સીઆરપીએફ જવાન આજે શહીદ થયા છે. સંબંધિત ઘટનામાં સલામતી દળોએ શસ્ત્ર સરંજામ કબ્જે કર્યો છે.

. . . . . . . . . . . . . . . . .

## IMD WEATHER

આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં ભીષણ ગરમીની સ્થિતિ ચાલુ રહેશે.

હવામાન વિભાગે ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને ઓડિશાનાં કેટલાંક ભાગોમાં ભીષણ ગરમીની સ્થિતિની આગાહી કરી છે. આગામી ત્રણ દિવસ દરમિયાન પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં કોઈ મહત્વનો ફેરફાર નહીં થાય.

દરમિયાન, નૈઋત્યનું ચોમાસુ આજે મહારાષ્ટ્રનાં કેટલાંક ભાગો, સમગ્ર તેલંગાણા અને છત્તીસગઢનાં કેટલાંક વધુ ભાગોમાં આગળ વધ્યું છે. હવામાન વિભાગે ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ અને ઉત્તર પશ્ચિમ બંગાળનાં અખાતમાં કેટલાંક ભાગોમાં ચોમાસુ આગળ વધવાની આગાહી વ્યક્ત કરી છે.

હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તરપૂર્વ ભારતમાં અતિ ભારે વરસાદની સંભાવના વ્યક્ત તરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IPL T 20

આઇપીએલ ટી-20 વિશ્વકપમાં ન્યૂયોર્કનાં નાસાઉ કાઉન્ટી ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને અમેરિકા વચ્ચેની મેચ શરૂ થઈ છેઃ ભારતે ટોસ જીતીને બોલિંગ લેવાનું પસંદ કર્યું છે. અન્ય મેચમાં આજે ઓસ્ટ્રેલિયાએ નામિબિયાને નવ વિકેટે હરાવ્યું હતું, જ્યારે શ્રીલંકા-નેપાળ વચ્ચેની મેચ પડતી મૂકાઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . .

## J&K KHEER BHAWANI MELA

જમ્મુ કાશ્મીરમાં પાંચ હજારથી વધુ શ્રધ્ધાળુઓએ આજે કડક સલામતી વ્યવસ્થા વચ્ચે જમ્મુથી ખીર ભવાની મેળા માટે પ્રસ્થાન કર્યું હતું, જેમાં મોટાં ભાગનાં પંડિત સમુદાયના સભ્યો છે.

અમારા આકાશવાણી જમ્મુનાં પ્રતિનિધિ જણાવે છે કે, જમ્મુ શહેરની બહાર આવેલા નાગ્રોટા વિસ્તારમાં ચાર દિવસની યાત્રા શરૂ થઈ હતી. જ્યેષ્ઠ અષ્ટમીનાં રોજ યોજાતો વાર્ષિક ખીર ભવાની મેળો 15 જૂનનાં રોજ ગાંડરબાલમાં તુલુમલ્લા, કુપવાડામાં ટિક્કર, અનંતનાગમાં લક્તિપોરા ઐશમુકમ, કુલગામમાં માતા ત્રિપુરસુંદરી દેવસર અને માતા ખીરભવાની માન્ઝગામમાં યોજાશે. કાશ્મીરમાં અમરનાથ યાત્રા બાદ હિન્દુઓનો આ સૌથી મોટો તહેવાર છે અને જમ્મુ કાશ્મીરમાં તેનું ખૂબ મહત્વ છે.

. . . . . . . . . . . . . . . . . .

## RAILWAY - REVIEW MEETING

રેલવે રાજ્ય મંત્રી રવનીત સિંહે આજે નવી દિલ્હીમાં રેલવે બોર્ડના સભ્યો સાથે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અધિકારીઓને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવા ટીમ તરીકે સામૂહિક રીતે કામ કરવા અને ભારતીય રેલવેને વિશ્વની શ્રેષ્ઠ રેલવેમાં પરિવર્તિત કરવા વિનંતી કરી હતી. શ્રી સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રેલવે સામાન્ય લોકો માટે પરિવહનનું સગવડદાયક માધ્યમ છે અને ભારતીય રેલવેએ તમામ વર્ગો, ખાસ કરીને ગરીબોને સેવા પૂરી પાડવા તમામ પ્રયત્નો કરવા જોઇએ.

બેઠકમાં રેલવે બોર્ડના સભ્યોએ મંત્રીશ્રીને રેલવે અંગેની ટૂંકી માહિતી આપી હતી અને હાલમાં ચાલી રહેલી પ્રવૃત્તિથી માહિતગાર કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

## AGRICULTURE – FARMERS

કૃષિ મંત્રાલયનો કાર્યભાર સંભાળતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે 100 દિવસના કૃષિ આયોજન અંગે વરિષ્ઠ અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. શિવરાજસિંહ ચૌહાણે અધિકારીઓને કહ્યું કે, તેઓ ખેડૂતો કેન્દ્રીત કાર્યોને ઝડપી બનાવે, જેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં સંકલ્પ પૂર્ણ કરી શકાય.

કૃષિ મંત્રીએ કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કડક પગલાં લેવા માટેના નિર્દેશ આપ્યાં. તેમણે ભારપૂર્વક કહ્યું કે ખેડૂતોને ગુણવત્તાપૂર્ણ ખાતર, બિયારણ અને અન્ય કૃષિ સામગ્રીની ઉપલબ્ધતમાં પ્રાથમિકતા મળે એ સુનિશ્ચિત કરવું જોઈએ.

----------

## GENDER GAPE

વિશ્વ આર્થિક મંચે આજે જાહેર કરેલા જેન્ડર ગૅપ ઇન્ડેક્સ એટલે કે લૈંગિક અંતર સૂચકાંકમાં ભારત બે ક્રમાંક સરકીને 129મા સ્થાને પહોંચી ગયું છે. આ યાદીમાં આઇસલેન્ડે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. દક્ષિણ એશિયામાં બાંગ્લાદેશ, નેપાળ,

શ્રીલંકા અને ભૂતાન બાદ ભારત પાંચમાં સ્થાને છે, જ્યારે પાકિસ્તાન અંતિમ સ્થાને છે.

જોકે ભારતે માધ્યમિક શિક્ષણમાં પ્રવેશ અને રાજકીય સશક્તિકરણમાં મજબૂત લૈંગિક સમાનતા દર્શાવી છે. છેલ્લાં 50 વર્ષમાં મહિલા/પુરુષ રાષ્ટ્રીય અધ્યક્ષના કાર્યકાળની બાબતમાં ભારત 10મા ક્રમાંકે છે.

. . . . . . . . . . . . . . . . . .